BUSINESS મિત્ર

સતત બીજા દિવસે તેજીના પગલે રોકાણકારોને રૂ. આઠ લાખ કરોડની કમાણી થઇ

ઇરાન-યુએસના સીઝ ફાયરના અહેવાલથી શેરબજારમાં તેજી

વાણિજ્યપ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: અમેરિકાએ દાવો કર્યો છે કે, ઈરાને હથિયાર મુકી દીધા છે અને સમાધાન કરવા રાજી છે. આમ, અમેરિકા-ઈરાન વચ્ચે સીઝ ફાયરના અહેવાલથી શેરબજારમાં આજે શરૂઆતથી જ તેજીનું ફાયર જોવા મળ્યું હતું. જોકે, આજે માર્ચ સીરિઝનો અંતિમ દિવસ હોવાથી શરૂઆતી તેજી બાદ થોડીક નફાવસુલી જોવા મળી હતી. જેથી ઉપલા સ્તરેથી શેરબજારમાં નજીવો ઘટાડો જોવા મળ્યો હતો. આજે સેન્સેક્સમાં વધુ 1200 પોઈન્ટના ઉછાળા સાથે 75000 પોઈન્ટની સપાટી કુદાવી હતી, જ્યારે નિફ્ટી 394 પોઈન્ટ ઉછળીને 23300 પોઈન્ટની ઉપર બંધ રહી હતી.

અમેરિકાએ ઈરાનને સમાધાન માટેનો પ્રસ્તાવ મોકલ્યો હતો. જોકે, ઈરાને સીધી વાતચીત કરવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ ટ્રમ્પે દાવો કર્યો છે કે, ઈરાને યુદ્ધ વિરામ કરવા તૈયાર થઈ ગયું છે. જેના લીધે મીડલ ઈસ્ટનો તણાવ ઓછો થઈ જવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટમાં મજબૂતાઈ જોવા મળી હતી. ક્રુડ ઓઈલના ભાવ પણ ઘટાડા તરફી જોવામળ્યા હતા. આ અહેવાલના પગલે વૈશ્વિક બજારોમાં પણ જોશ જોવા મળ્યો હતો અને તેનો સ્થાનિક બજારને ટેકો મળ્યો હતો. ઈરાન અને યુએસ-ઈઝરાયેલ યુદ્ધના અંતના સંકેતના પગલે ભારતીય સહિત વૈશ્વિક બજારોમાં તેજીની રોનક પરત ફરતી જોવા મળી હતી, પણ સેન્સેક્સના માર્ચ સીરિઝનો અંતિમ દિવસ હોવાથી ઉપલાસ્તરેથી નફાવસુલી રહી હતી. આમ છતાં, બીએસઈ લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 8 લાખ કરોડની વધતા રોકાણકારોનો જોશ વધ્યો હતો. બીએસઈની લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ રૂ. 431 લાખ કરોડની ઉપર પહોંચી ગયો છે.

બીએસઈ સેન્સેક્સ 1205 પોઈન્ટ એટલે કે 1.63 ટકા વધીને 75273.45 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 75849 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 74550 પોઈન્ટ સુધી ઘટી હતી. નિફ્ટી 394.05 પોઈન્ટ એટલે કે 1.72 ટકા વધીને 23300 પોઈન્ટની સપાટી કુદાવીને 23306.45 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી.

રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 25: કરન્સી બજારમાં ગઇકાલે એક દિવસ માટે રૂપિયામાં નજીવો સુધારો જોવાયા બાદ આજે પણ રૂપિયો ઘટયો હતો, અને ફરીથી ડોલર 94ની નજીક સરકતો જોવા મળ્યો હતો. આજે ડોલરની સામે રૂપિયો 9 પૈસા ઘટીને 93.97ના સ્તરે બંધ રહ્યો હતો. જે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 93.88ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.27, પાઉન્ડ 125.30, કેનેડિયન ડોલર 68.10, ઓસ્ટ્રેલિયન ડોલર 65.78, જાપાનીઝ યેન 0.5917 અને સીંગાપોર ડોલર 73.42ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	93.97 રૂ.
યુરો	109.27 રૂ.
પાઉન્ડ	125.30 રૂ.
યેન	0.5917 રૂ.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૦૫૦૦
તેજાબી સોનું	૧૫૦૪૮૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૩૦૪૦
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૧૪૭૫૬૦
સોનાનાં બિસ્કીટ	૧૫૦૫૭૦૦
ચાંદી (૯૯૯)	૨૪૦૭૦૦
ચાંદી સિક્કા	૨૪૨૨૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૪૦૦
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૨૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૨૫૦
એસ-૩૦	૪૧૫૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૩૦	કોપરેલ	૫૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૩૦	વનસ્પતિ ઘી	૨૪૫૦
સીંગતેલ (૫ લી)	૯૭૦	સનફ્લાવર	૨૬૫૦
કપાસીયા (૧૫ કિ.)	૨૫૮૦	તલતેલ	૪૬૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૩૫૦	દિવેલ	૨૪૫૦
કપાસીયા (૫ લિ.)	૮૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૮૫૦		

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૩૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૬૯	૫૦/૩૬ ,,	૧૪૬	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૦
૩૦/૩૬ એફડી	૨૭૬	૫૦/૪૮ SD/કેપ	૨૩૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૮/૨૪ એફડીવાય	૧૧૪.૫૦
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૬	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૦
૬૮/૩૬	૧૩૯	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૨
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૮	૧૦૦ ટેક્ષ	૧૩૫	૬૮ ક્રિમ્પ	૧૪૦
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૯
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫	૮૦/૭૨ રોટો	૧૪૧	૭૫ ક્રિમ્પ	૧૩૮
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૪૭	૮૦ ક્રિમ્પ	૧૩૫
૮૦/૭૨ રોટો.	૧૩૮	૧૬૦ ડીસ્કેટ	૧૪૭	૮૦/૭૨ રોટો	૧૩૯
૮૦/૩૬ રોટો.	૧૩૯	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૯	૮૦/૧૦૮ ,,	૧૨૪	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૩૮

બૅંક ઑફ બડૌદા Bank of Baroda

કડોદરા શાખા : છત્રાલા બિઝનસ સેન્ટર, ગ્રાઉન્ડ ફ્લોર, ફ્લૅટ નં. ૧ અને ૨,કડોદરા રોડ, ડીજીવીસીએલ ઓફીસ પછી તા. પલસાણા,સુરત.ફોન : ૦૨૬૨૨ ૨૭૨૨૩૦, ૨૭૪૨૭૫
E-mail : kadoda@bankofbaroda.com

કબજા નોટીસ (સ્થાવર મિલકત માટે)[સીકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ની ધારા રૂલ ૮(૧) હેઠળ

નીચે સહી કરનાર **બૅંક ઓફ બરોડા**, ના અધિકૃત અધિકારીએ સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને તેમને મળેલ આ ધારાની કલમ ૧૩ (૧૨) સિકયુરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ ના રૂલ ૩ સાથે વંચાણે લઈ તેમને મળેલ સત્તા હેઠળ **તા.૧૮.૦૮.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને દેવાદાર/ગીરવેદાર **શ્રી દિપક પાટીલ (દેવાદાર) અને શ્રીમતી સંગીતા દિપક પાટીલ (સહ–દેવાદાર)** ને નોટીસમાં દર્શાવેલ બાકી રકમ **રૂા.૧૩,૬૧,૦૫૬.૫૦/– (રૂા. તેર લાખ એકસઠ હજાર છપ્પન અને પચાસ પૈસા પુરા)** + વ્યાજ અને અન્ય ચાર્જીસ સાથે આ નોટીસ પ્રાપ્તીની તારીખ થી ૬૦ દિવસની અંદર પરત ચુકવી દેવાનું જણાવ્યું હતું.

દેવાદાર આ રકમ ચુકવવામાં કસુરવાર ઠર્યા હોવાથી દેવાદાર અને સામાન્ય રીતે જાહેર જનતાને અહીં નોટીસ આપવામાં આવે છે કે, નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ આ ધારાની કલમ ૧૩ એકટની પેટા કલમ (૪) સિકયુરીટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, ૨૦૦૨ ના રૂલ ૮ સાથે વંચાણે લઈ તેમને આપવામાં આવેલ અધિકાર અનુસાર **તારીખ ૨૩ મી માર્ચ ૨૦૨૬** ના રોજ આ સંપત્તિનો કબજો સંભાળી લીધેલ છે.

દેવાદારનું ધ્યાન દોરવાનું કે તમને કલમ ૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

ખાસ કરીને દેવાદાર અને સામાન્ય જાહેર જનતાને અહીં ચેતવણી આપીને આ સંપત્તિ સાથે કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે સોદો ન કરવાનું જણાવવામાં આવે છે. આ સંપત્તિ સાથે કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવામાં આવશે તો તે **બૅંક ઓફ બરોડા** ની રકમ **રૂા.૧૩,૬૧,૦૫૬.૫૦ /–** + તેના ઉપર ના વ્યાજ અને અન્ય ચાર્જીસ ને આધિન રહેશે.

સ્થાયી મિલકતનું વર્ણન

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે મહાદેવ રેસીડન્સી–૨, નો પ્લોટ નં. ૩૮ માપ પ.૪૯ મી. એટલે કે ૧૮.૦૧ ફુટ પહોળો અને ૧૧.૪૩ મી. એટલે કે ૩૭.૫૦ ફુટ લાંબો,૭/૧૨ મુજબ માપ ૨૨.૭૫ ચો.મી પૈકી ૪૧.૮૩ ચો.મી. પ્લોટ નં. ૩૯ તરફ નો ભાગ,સી પી નંબર ૧ માં પ્લોટ મા ૪૩૨ માપ ૧.૭૦૭૫ ચો.મી. અને સીપી નં. ૨ માં પ્લોટ નં. ૪૩૩ માપ ૦.૮૮૬૨ ચો.મી. અને સીપી નં. ૩ પ્લોટ નં. ૪૩૪ માપ ૧.૬૨૮૮ ચો.મી.અને સીપી નં.૪ માં પ્લોટ નં.૪૩૫ માપ ૧.૪૩૯૮ ચો.મીટર અને સીપી નં.૫ મા પ્લોટ નં. ૪૩૬ માપ ૧.૦૯૯૨ ચો.મીટર અને સીપી નં. ૬ માં પ્લોટ નં. ૪૩૭, માપ ૧.૩૯૪૧ ચો.મી અને ઓ એસ પ્લોટ નં. ૪૩૮ માં માપ ૨.૪૭૯૦ ચો.મી અને ઓએસ નં.૨ માં પ્લોટ નં. ૪૩૯ માપ ૦.૫૭૦૦ ચો.મી અને ઓએસ નં.૩ પ્લોટ નં. ૪૪૦ માપ ૦.૧૧૧૭ ચો.મી અને ઓ એસ નં.૪ માં પ્લોટ નં. ૪૪૧ માપ ૪.૭૮૩૯ ચો.મી અને ઓ એસ નં. ૫ માં પ્લોટ નં. ૪૪૨ માપ ૦.૧૯૭૮ ચો.મી અને પ્લોટ નં. ૪૪૩ માપ ૧૬.૩૫૮૦ ચો.મી. ના સીઓપી અને વણવહેચાયેલ હિસ્સા સહિત જમીન રે.સ. નં. ૨૫૬/૩, ૨૫૬/૨ + ૨૬૦ બ્લોક નં. ૧૮૨ ગામ તાતીથૈયા તાલુકા પલસાણા, જી.સુરત ખાતે આવેલ છે. આ મિલકત ની ચતુર્દિશા નીચે મુજબ છે.**ઉત્તરે:** જોડે નો પ્લોટ નં. ૩૯, **દક્ષિણે:** જોડે નો પ્લોટ નં. ૩૮, પૈકી પછી પ્લોટ નં. ૩૭, **પૂર્વે:** ૭.૫૦ મીટર રોડ, **પશ્ચિમે:** ઓ એસ–૨ ની ખુલ્લી જગ્યા આવેલ છે

તા.૨૩.૦૩.૨૦૨૬ | સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બૅંક ઓફ બરોડા, કડોદરા શાખા, સુરત

સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા Central Bank of India

અમરોલી રોડ શાખા : પોસ્ટ ઓફિસ પાસે, લુહાર ફળીયા, અમરોલી, સુરત–૩૯૪૧૦૭. Email: bmsura0514@centralbank.co.in

પઝેશન નોટીસ

પરિશિષ્ઠ-૪ (નિયમ ૮(૧) જુઓ) (સ્થાવર મિલકત માટે)

આથી, નીચે સહી કરનાર **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, અમરોલી શાખા, સુરત**ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એક્ટ), ૨૦૦૨ (૫૪ ઓફ ૨૦૦૨) તથા કલમ ૧૩(૧૨), ૧૩(૨) હેઠળ મળેલી સત્તા સાથે ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૩ સાથે વંચાણે લેતા અંતર્ગત **તા. ૦૩.૧૧.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ દ્વારા કરજદાર **શ્રી નીલેશ મનસુખભાઈ હુમ્મર (અરજદાર), શ્રી દિલીપકુમાર મનસુખભાઈ ઘુમ્મર (સહ-અરજદાર)** ને નોટીસમાં જણાવેલ રકમ **રૂા. ૧૦,૯૯,૯૪૨.૩૫/- (રૂા. દસ લાખ નવ્વાણું હજાર નવસો બેતાલીસ અને પાત્રીસ પૈસા પુરા)** યડત વ્યાજ, અન્ય ચાર્જીસ સાથે નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

ઉધારકર્તાને રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા / જામીનદાર અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે આધિનિયમ ધી સિક્યોરીટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા કલમ (૧૩)ની પેટા કલમ (૪) તથા નિયમ ૮ હેઠળ મળેલ સત્તાની રૂએ **તા. ૨૩.૦૩.૨૦૨૬**ના રોજ નીચે જણાવેલ મિલકતોનો **પ્રત્યક્ષ કબજો** લઈ લીધેલ છે.

ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને સુચિત કરવામાં આવે છે કે નીચે દર્શાવેલ મિલકતનો સોદો કરવો નહીં અને મિલકતનો સોદો કરશે તો તે **સેન્ટ્રલ બેંક ઓફ ઇન્ડિયા, અમરોલી શાખા, સુરત** ના બાકી લેણા **રૂા. ૧૦,૯૯,૯૪૨.૩૫/- (રૂા. દસ લાખ નવ્વાણું હજાર નવસો બેતાલીસ અને પાત્રીસ પૈસા પુરા)** તા. ૧૮.૧૦.૨૦૨૫ થી યડત વ્યાજ, કોસ્ટ અને અન્ય ચાર્જીસ વગેરેના બોજા સહિત રહેશે. (૧૩(૨)ની ડિમાન્ડ નોટીસ આપ્યા પછી આવેલ રકમ બાદ કરીને)

અહીં કરજદારનું ધ્યાન આકરુષ્ટ કરવામાં આવે છે તે જણાવેલ સમય મર્યાદામાં સેકસન ૧૩ના સબ સેકશન (૮) હેઠળ તમો તમારી સુરક્ષિત મિલકતના બાકી હ્લેણાં ભરપાઈ કરી પાછી મેળવી શકો છો.

સ્થાવર મિલકતની વિગત

જે પ્લોટ નં. સી–૧૭૦ (પાસ થયેલ પ્લાન મુજબ પ્લોટ નં. એમ–૧૭૦), અમૃત સરોવર રેસીડેન્સી, માનસરોવર રેસીડેન્સી પાસે, એન. એચ. નં. ૮, કઠોર, કામરેજ, સુરત, બ્લોક નં. ૫૧૪ (કે.જે.પી. બ્લોક નં. ૫૧૪/૩૫૯/એમ/૧૭૦), મોજે: કઠોર, સબ જિ. કામરેજ, જિ. સુરત ખાતે આવેલ સ્થાવર મિલકત.

ચતુરસીમા : ● ઉત્તરે : પ્લોટ નં. સી–૧૬૯ ● પુર્વે : ઈન્ટરનલ રોડ ● દક્ષિણે : પ્લોટ નં. સી–૧૭૧ ● પશ્ચિમે : પ્લોટ નં. સી–૧૮૦

તારીખ : ૨૩.૦૩.૨૦૨૬ સ્થળ : સુરત — સહી/- અધિકૃત અધિકારી, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા

SURAT MUNICIPAL CORPORATION TRAFFIC-BRTS PROJECT CELL — FIT INDIA

e-Tender (Online) invitation Notice No.ACE & I/C C.E / Traffic BRTS Pro. Cell /22/2025-26

Tenders are invited for various Dept. works online on https:/ smctender.nprocure.com from Government Approved / Experienced Contractor with following Schedule.

1.	Name of the Department:	Traffic BRTS Project Cell
2.	Nos. of works	02(Two)
3.	Total Estimated Cost of Tender	Rs. 2,81,18,156.78

The detail tender notice will be made available on website www.suratmunicipal.gov.in

No. PRO/767/2025-26 — I/C City Engineer
Date: 25-03-2026 — Surat Municipal Corporation

વલસાડ નગરપાલિકા વલસાડ તરફથી (જાહેર નિવિદા)(બીજો પ્રયત્ન)

આથી રસ ધરાવતા ઇસમોને જણાવવાનું કે,ના.સરકારશ્રીની નીચે મુજબની ગ્રાન્ટ હેઠળ કામ કરવા માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવાના કામે એજન્સીઓ પાસે થી એ ટેન્ડર માંગવામાં આવે છે. ઈ-ટેન્ડરની વિગત અત્રેની કચેરીએ તથા વેબસાઈટ (www.nprocure.com) પરથી તા.૩૦/૦૩/૨૦૨૬ થી જોવા મળશે. અને ટેન્ડર ડોક્યુમેન્ટ ડાઉનલોડ કરી ભરવાની છેલ્લી તા. ૧૩/૦૪/૨૦૨૬ના રોજ સાંજે ૬:૦૦ કલાકે રહેશે. તેમજ અન્ય દસ્તાવેજી રજી.પો.એડી., કુરિયર તેમજ રૂબરૂથી મોકલવાની છેલ્લી તા. ૧૭/૦૪/૨૦૨૬ તેમજ ટેન્ડર ઓપન કરવાની સંભવિત તા.૧૮/૦૪/૨૦૨૬ ના રોજ બપોરે ૦૩:૦૦ કલાકે ખુલ્લા કરવામાં આવશે.વધુ વિગત માટે નગરપાલિકાનો રૂબરૂ સંપર્ક કરવા થી જરૂરી માહિતી મેળવી શકાશે. સદર કામ અંગેના તમામ હક્કો નગરપાલિકાના અબાધિત રહશે. ટેન્ડર મંજુર કરવાનું કે નામંજુર કરવાની સત્તા નગરપાલિકાને રહશે, જેના કોઈ કારણો જણાવવામાં આવશે નહિ. ટેન્ડર ડોક્યુમેન્ટના કવર ઉપર કામનું નામ તેમજ ટેન્ડર આ.ડી અવ્યશ લખવાનું રહશે.

અ. નં.	યોજનાનું નામ	કામનું નામ	ટેન્ડરની અંદાજીત રકમ	કોન્ટ્રાકટરની શ્રેણી	ટેન્ડર ફી અને બાનાની રકમ
૧	સ્વચ્છ ભારત મિશન (હેઠળ) નિર્મળ ગુજરાત ૨.૦	નામદાર સરકારશ્રીના સ્વચ્છ ભારત મિશન (હેઠળ) નિર્મળ ગુજરાત-૨.૦ અંતર્ગત નગરના જુ.વી.પી. (ગાર્બેજ વલ્નરેબલ પોઈન્ટ) ઉપર બ્યુતીફિકેસન કરવાની કામગીરી	રૂ.૧૫,૦૦,૯૨૭/- + ૧૮% GST	"E-1" અને ઉપરના	રૂા. ૧,૦૬૨/- અને રૂા. ૧૭,૭૧૧/-

ચીફ ઓફિસર, વલસાડ નગરપાલિકા — નં. માહિતી/વલસાડ/૧૦૨૫/૨૦૨૬ — પ્રમુખ, વલસાડ નગરપાલિકા

APPLE CINEMA

ડ્રફી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર ☎: 99984 46007 @: @applecinemasurat

Book Tickets Now from : bookmyshow.com Paytm

ધુરંધર-2 રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૮.૦૦, ૮.૩૦, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦, ૧૨.૧૫, ૧.૦૦, ૧.૨૫, ૧.૪૫, ૨.૧૫, ૨.૪૫, ૩.૧૫, ૪.૦૦, ૪.૩૦, ૫.૧૫, ૫.૪૦, ૬.૦૦, ૬.૩૦, ૭.૦૦, ૭.૩૦, રાત્રે ૮.૧૫, ૯.૦૦, ૯.૩૦, ૧૦.૦૦, ૧૦.૩૦, ૧૧.૦૦, ૧૧.૩૦

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

ખૂંખાર એકશન...

ધુરંધર-2

૯.૦૦, ૯.૩૦, ૧૨.૨૦, ૧.૨૦, ૧.૫૦, ૪.૪૦, ૫.૪૦, ૬.૧૦, રાત્રે ૯.૦૦, ૧૦.૦૦, ૧૦.૩૦

થિયેટર પર અને bookmyshow.com અને Paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

કેરળ સ્ટોરી-૨ જેવી ફિલ્મો વડે ભાજપ કેરળમાં સત્તા મેળવવા માગે છે

લવ જિહાદ જેવા સંવેદનશીલ વિષય પર બનેલી ફિલ્મ કેરળ સ્ટોરીનો પહેલો ભાગ પ્રદર્શિત થયો ત્યારે તેણે વિવાદો જગાવ્યા હતા. હવે તેનો બીજો ભાગ પણ વિવાદો વકરાવી રહ્યો છે. મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના નાલાસોપારામાં PVR કેપિટલ મોલમાં ૫ માર્ચે હિન્દુ જાગરણ મંચ નામની સંસ્થા દ્વારા ફિલ્મ કેરળ સ્ટોરી રનું આયોજન કરવામાં આવ્યું હતું. ફિલ્મના પ્રદર્શન પછી, સિનેમા હોલમાં પ્રતિજ્ઞા લેવામાં આવી હતી કે હિન્દુઓ સિવાય અન્ય કોઈ સાથે કોઈ સંબંધ રહેશે નહીં અને બિનહિન્દુઓ સાથે મિત્રતા નહીં રહે. આ પ્રતિજ્ઞાના વીડિયો સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કોઈપણ અન્ય સમુદાયને કાપડનો એક ટુકડો પણ વેચવા દેવામાં આવશે નહીં. ફિલ્મ દરમિયાન ઉપસ્થિતોને પ્રતિજ્ઞા લેવામા આવી હતી કે જો તમારે શાકભાજી ખરીદવા હોય તો હિન્દુઓ પાસેથી ખરીદો, અને જો તમારે વાળ કાપવા હોય તો હિન્દુ હજામ પાસે કપાવો. કોંગ્રેસે આને બે સમુદાયો વચ્ચે તિરાડ પાડવાના હેતુથી કરાયેલું પગલું ગણાવ્યું છે. કોંગ્રેસના નેતા હુસૈન દલવાઈએ કહ્યું કે પોલીસે આ ઘટનાની નોંધ લેવી જોઈએ અને પોતાની રીતે કાર્યવાહી કરવી જોઈએ કારણ કે નફરત ફેલાવવી એ ગંભીર ગુનો છે. જોકે, એક સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું કે આ ઘટના અંગે કોઈએ ફરિયાદ નોંધાવી નથી.

નાલાસોપારામાં ફિલ્મ શોના આયોજક અને હિન્દુ જાગરણ મંચના કન્વીનર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે અમે ભારતમાં હિન્દુઓ પર થતા અત્યાચાર તથા સામૂહિક ધર્માંતરણની વાસ્તવિકતા દર્શાવવા અને હિન્દુ સમુદાયમાં જાગૃતિ લાવવા માટે આ ફિલ્મનું આયોજન કર્યું છે. કેટલાક લોકો અમારા પર ચૂંટણી પ્રચાર અને નફરત ફેલાવવાનો આરોપ લગાવી રહ્યા છે. અમારો મુખ્ય ઉદ્દેશ્ય હિન્દુઓ વિરુદ્ધ ધર્માંતરણ અને અત્યાચાર રોકવાનો છે. અમારા કાર્યક્રમ અંગે કોઈએ ફરિયાદ કરી નથી. આ ઘટના વિશે પૂછવામાં આવતા સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સુજીત કુમાર પવારે જણાવ્યું કે આ અંગે કોઈ ફરિયાદ મળી નથી, તેથી કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

આ નવી ફિલ્મ ધ કેરળ સ્ટોરીની સિક્વલ છે, જે મે ૨૦૨૩ માં કર્ણાટક વિધાનસભા ચૂંટણી પહેલાં રિલીઝ થઈ હતી, જેમાં કોંગ્રેસે જીત મેળવી હતી. ધ કેરળ સ્ટોરી રની રિલીઝ ભારતીય જનતા પાર્ટીને કેરળમાં આગામી વિધાનસભા ચૂંટણીમાં વધુ મદદ નહીં કરે, પરંતુ તે ભવિષ્યમાં કેરળમાં કોમી ધ્રુવીકરણનાં બીજ વાવવામાં મદદ કરશે. ફિલ્મના શીર્ષકમાં કેરળ રાજ્યના નામનો ઉપયોગ હાઇકોર્ટ સમક્ષ વિવાદનો વિષય બન્યો હતો. કેરળ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે સિંગલ જજ દ્વારા લાદવામાં આવેલો સ્ટે ઉઠાવી લીધો હતો અને ફિલ્મના પ્રદર્શનને મંજૂરી આપી હતી.

પહેલી ફિલ્મની જેમ, આ ફિલ્મ પણ બતાવે છે કે કેવી રીતે મુસ્લિમ પુરુષો હિન્દુ કે ખ્રિસ્તી સ્ત્રીઓને વચનો આપીને આકર્ષે છે અને અંતે તેમને તેમના ધર્મના નિયમોનું પાલન કરવા દબાણ કરે છે. ઓછામાં ઓછું, ફિલ્મના ટ્રેલરે એવું જ સૂચવ્યું હતું, જેના કારણે કોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી હતી, પરંતુ ટ્રેલરમાં લોકોના ધર્મ પરિવર્તન અંગે ઉલ્લેખિત બાબતો કેરળ સરકારના ગેઝેટ નોટિફિકેશનથી સંપૂર્ણપણે ગલત સાબિત થઈ છે. હકીકતમાં, ૨૦૨૦ અને ૨૦૨૪ નાં વર્ષોમાં ગેઝેટ સૂચનાઓના અભ્યાસ પર આધારિત બે અહેવાલો ફિલ્મમાં કરવામાં આવેલા દાવાઓને ખોટા સાબિત કરે છે. ૨૦૨૦ માં અન્ય કોઈપણ ધર્મ કરતાં વધુ લોકોએ હિન્દુ ધર્મ અપનાવ્યો હતો. કુલ ૫૦૬ લોકોએ ધર્મ પરિવર્તન માટે નોંધણી કરાવી હતી, જેમાંથી ૨૪૧ લોકોએ ખ્રિસ્તી ધર્મ અથવા ઇસ્લામ છોડીને હિન્દુ ધર્મ અપનાવ્યો હતો.

ટુ ધ પોઇન્ટ — સમકિત શાહ

ઇસ્લામ ધર્મ અપનાવનારાઓની સંખ્યા ૧૪૪ હતી અને ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓની સંખ્યા ૧૧૯ હતી.

ઇસ્લામ અથવા ખ્રિસ્તી ધર્મ છોડીને હિન્દુ ધર્મ અપનાવનારાઓમાં મોટાભાગની મહિલાઓ હતી. ધાર્મિક પરિવર્તન અંગેના ૨૦૨૪ના ગેઝેટ નોટિફિકેશનના અભ્યાસમાં એક મીડિયાએ અહેવાલ આપ્યો છે કે જાન્યુઆરી અને ડિસેમ્બર વચ્ચે કેરળમાં ૩૬૫ લોકોએ હિન્દુ ધર્મ અપનાવ્યો. તેમાંથી ૨૬૨ દલિત ખ્રિસ્તી અને મુસ્લિમ હતા, જેમાંથી ઘણાને અનુસૂચિત જાતિના દરજ્જાના વચનથી લલચાવવામાં આવ્યા હતા. ગેઝેટ નોટિફિકેશનને ટાંકીને અહેવાલમાં જણાવાયું છે કે ૧૫૪ હિન્દુ મહિલાઓ અને ૧૨૨ હિન્દુ પુરુષો (કુલ ૨૭૬) એ ઇસ્લામ ધર્મ અપનાવ્યો, જ્યારે ૪૨ મહિલાઓ અને ૨૫ પુરુષોએ ખ્રિસ્તી ધર્મ છોડીને ઇસ્લામ ધર્મ અપનાવ્યો. ખ્રિસ્તી ધર્મમાંથી હિન્દુ ધર્મમાં રૂપાંતરિત થયેલા ૧૮૦ મહિલાઓ અને ૧૪૯ પુરુષોએ ધર્માંતરણ કર્યું, જ્યારે ૨૪ મુસ્લિમ પુરુષો અને ૧૨ મુસ્લિમ મહિલાઓએ હિન્દુ ધર્મ અપનાવ્યો. હિન્દુ ધર્મમાંથી ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓમાં ૧૩૦ મહિલાઓ અને ૧૦૪ પુરુષો હતા, જ્યારે ઇસ્લામમાંથી ખ્રિસ્તી ધર્મ અપનાવનારાઓમાં ૧૩ મહિલાઓ અને આઠ પુરુષો હતા.

નારીવાદી સંશોધક અને તિરુવનંતપુરમના સેન્ટર ફોર